જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૮૬૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯૯,૧૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૮૭૦/૧૭**

**નરોડા** : મનોજકુમાર ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૫)(રહે,શુભલક્ષ્મી એવન્યુ હરિદર્શન ચોકડી કઠવાડા રોડ નરોડા) એ તા.૧૫/૯/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આશરે અગિયાર માસ પહેલાના કોઇપણ સમયથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) Katherine Dedri (www.facebook.com) profile.phptid =1000096044905127 (૨) સમીરા રેડ્ડી (૩) ડૉ.લુઇસ ઓસ્કર (૪) રૂતુસિગ (૫) રાજેંદ્ર શર્માસિગ ભેગામળી ખોટા નામે કાગળ ઉપર તેમજ ઇ-મેલ ઉપર કંપની દર્શાવી, મનોજકુમારને OKIDI KOLA NATRUL SEEDS ભારત ખાતેના સેલર પાસેથી લઇ, ભારત દેશ બહાર વેચી, તે અંગેના કમિશનની લાલચ આપતી વાતો તેમજ ઇ-મેલ કરી વિશ્વાસમાં લઇ તે અંગેના ખોટા આધારો ઇન્ટરનેટ માધ્યમથી દર્શાવી, બેંક એકાઉન્ટમાં કુલ રૂપીયા ૩,૧૦,૦૦૦/- મેળવી લઇ, મનોજકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આર.રામાણી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૧૭**

**માધવપુરા** : કૃણાલ S/o ગજેન્દ્રભાઈ દુધ્ધડ (ઉ.વ.૨૭)(રહે,રિધ્ધિ-સિધ્ધિ બંગલોઝ રામદેવનગર ચોકડી, સેટેલાઈટ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૯/૧૭ ના કલાક ૫/૪૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન આરોપી (૧)બહાદુરસિંહ ભવરસિંહ (રહે.ગામ: સદારન કુકલખેડાની બાજુમાં, તા.ભીમ, જી.રાજસમંદ, રાજસ્થાન) અને (૨) બહાદુરસિંહ નો મિત્ર (જેના નામ-સરનામાની ખબર નથી તે) ભેગામળી અક્ષર પાર્ક-૨, કોમ્પલેક્ષમાં દુકાન નંબર ૧૧ અને ૧૨ માં આવેલ કૃણાલભાઇનાં પિતા ની પાશ્ર્વનાથ ટ્રાવેલ્સ નામની ઓફિસનો દરવાજો ડુપ્લીકેટ ચાવીથી ખોલી, ઓફિસમાં પ્રવેશ કરી, ઓફિસના ટેબલના ડ્રોઅરનું લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલી અંદર મુકેલ રોકડ રૂપિયા ૨,૮૦,૦૦૦/- ચોરી કરી ઓફિસ બંધ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૨/૧૭**

**વસ્ત્રાપુર** : કૃણાલ સ/ઓ બાબુભાઇ વાડદોરીયા (ઉ.વ.૨૬)(રહે,સોનલ એપાર્ટમેંટ સોનલ ચાર રસ્તા ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૧૫/૯/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૮/૧૭ સવારનાં ૮/૦૦ થી કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મોબાઇલ નંગ-૫ અને લેપટોપ નંગ-૨ મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જેસીંગભાઇ હમીરભાઇ ચલાવે છે.

**ખોખરા** : રાકેશભાઇ સત્યનારાયણ બોધા (સાઉથ ઇંડીયન) (ઉ.વ.૨૭)(રહે,રૂક્ષ્મણી બંગ્લોઝ નિકોલ કઠવાડા રોડ) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૧૭ સાંજના ૬/૧૫ થી ૬/૪૫ દરમ્યાન કોઇપણ સમયે તક્ષશીલા ગ્રીન ફ્લેટની સામે અને સી.ટી.એમ. બ્રીજ નીચે પાર્ક કરેલ પોતાની કારનો પાછળનો કાચ તોડી, કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી ટેબલેટ નંગ-૧, મોબાઇલ નંગ-૨ અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- તથા અગત્યનાં દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૩/૧૭**

**રામોલ** : મુન્નુસિંગ સોનેલાલ પાલ (ઉ.વ.૪૦)(રહે,ઉમીયાનગર વસ્ત્રાલ રામોલ) એ તા.૧૫/૯/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૧૭ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘર આગળ સોસાયટીનાં કોમન પ્લોટમાં પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૧૮૮૭ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/-પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૩/૦૯/૧૭ ના કલાક ૭/30 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**રોડ ઉપર પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૮૭૪/૧૭**

**કાગડાપીઠ** : રાકેશ બહેરાજી ભીલ (ઉ.વ.૩૫)(રહે,ચામુંડાનગર વિભાગ-૧ ઝુંપડામાં માયા રોહીદાસ સોસાયટીની બાજુમાં ઇસનપુર) તા.૧૪/૯/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે શાહઆલમ ટોલનાકા સ્વામીનારાયણ કોલેજ પાસે રામાપીરના મંદિર આગળ રોડ ઉપર અચાનક પડી જતા, બેભાન થઇ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૯/૧૭ નાં કલાક ૧/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃતજાહેર કર્યા હતા. આ અંગે કાગડાપીઠ પોલીસ અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોરધનસિંહ રેવતસિંહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૧૭**

**નરોડા** : આકાશકુમાર સુબીતકુમાર સ્વાઇન (ઉ.વ.૨૦)(રહે, ફેજ-૨ જી.આઇ.ડી.સી. નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૯/૧૭ ના કલાક ૪/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પ્રદિપ પ્લાસ્ટ ફેક્ટરીના ભોય તળીયે આવેલ છેડાની રૂમમાં ઓઢવાની સાલ પંખે બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે નરોડા પોલીસ અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.